સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

હાઈકુ

દંભ-દેખાડા-દિવા સ્વપ્ને, વગોવાઈ ગયા,
ખાયકી અને કૌભાંડોમાં કોહવાઈ ગયા!
ખોવાઈ ગયા નેતાઓ, ખૂન્નસ-ખીલો ખૂંદતા -
ધોવાઈ ગ્યા, હારના હવને હોમાઈ ગયા!

ઉડ્યો કચરો,
મતદારો એ કર્યાં
સૂપડાં સાફ!

વશીકરણ!
તૂમાખી તાંત્રિકનો
ઓસર્યો જાદુ...

ચિંતન

ધર્મ કિયે ધન ના ઘટે, નદી ન સંચે નીર,
આપની આંખન દેખિયે, યૉં કહે દાસ કબીર.

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

આખી જિંદગી મહેનત કરી જમા કરેલ ધન દોલતને સંભાળીને રાખવામાં માનતા માણસો માટે કબીર કહે છે કે તમે જમા કરેલ દાનમાંથી દાન કરો અને ધર્માર્થે તે વાપરતાં રહો. ધર્મના કામમાં ધન વાપરવાથી કે તેનો દાનમાં સદ્ઉપયોગ કરવાથી ધન કદી નહીં ઘટે, એ તો ઈશ્વરના દરબારમાં પુણ્યરૂપે તમારા ખાતામાં જમા થતું રહેશે.

કબીર કહે છે કે તમને આ વાત માનવામાં ન આવતી હોય તો એકવાર આ નદી જુઓ. નદી કદી પોતાનું પાણી સંગ્રહી રાખતી નથી. સદાય વહેતાં રહેતા જળમ્થી જેને જોઈએ એટલું તે લેવા દે છે. અને જળમાંથી વાદળ પણ બને છે. જે પૃથ્વી પરના સૌ જીવોને પાણી આપે છે. એ જ રીતે તમારું ધન ધનાર્થે વપરાય તો તેમાંથી મોટું બીજું કોઈ પુણ્ય હોઈ જ ન શકે.

સુવિચાર

- હકીકત રૂબરૂ હો તો અદાકારી નહીં ચલતી,
  ખુદા કે સામને બંદો કી મક્કારી નહીં ચલતી - **આઝમ ખાન**
- સંબંધમાં સત્ય બંને પક્ષે હોવું જોઈએ તો જ સંબંધની સાચી મજા માણી શકાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવનની સફળતા એ નથી કે તમે કેટલા ખુશ છો,
  સાચી સફળતા તો એ છે કે તમારે કારણે કેટલા ખુશ છે - **જીવનસૂત્ર**
- 'એક ભૂલ' તમારો અનુભવ વધારે છે,
  જયારે 'એક અનુભવ' તમારી એક ભૂલ ઓછી કરે છે - **અમૃતબિંદુ**
- પવન અને માણસમાં એક ગજબની સામ્યતા છે, કયારે ફરી જાય કંઈ ખબર જ ના પડે - **ગુણવંત જાની**
- દુ:ખનું કારણ કર્મનો 'અભાવ' સુખનું કારણ કર્મનો 'પ્રભાવ' અને
  શાંતિનું કારણ પોતાનો 'સ્વભાવ' - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : નરણાં કોઠે લીંબુનો રસ બાળકને પીવડાવવાથી કરમીયાં મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

હિંમત અને સાહસ આગળ દુશ્મન પણ દંગ થઈ જાય. ૨૪મી માર્ચ, ૧૯૪૪ના રોજ, બ્રિટીશના ફાઈટર પાઈલટે બર્લિન પર બોમ્બવર્ષા કરવા માટે ઉડાન ભરી. તે દરમિયાન શત્રુ સેનાએ તેના પ્લેનને નિશાન બનાવી ગોળા છોડ્યા. પાઈલોટ નિકોલસ એક હોંશિયાર અને હોનહાર પાઈલોટ હતો. પ્લેન આગમાં લપેટાતા પેરેશુટથી કુદકો મારી જીવ બચાવવો પડે તેવી હાલત થઈ. પેરેશુટ પણ બળીને ખાખ થઈ ગયો. હવે નિકોલસ પાસે કોઈ વિકલ્પ બાકી ન બચ્યો. તેણે ઈશ્વરને યાદ કર્યા અને વિના પેરેશૂટ પ્લેનમાંથી જંપ મારી દીધો. જમીન પર પડતાં જ તે બેભાન થઈ ગયો. જયાં નિકોલસ પડ્યો ત્યાં સદ્ભાગ્યે બરફ હતો એટલે તે બચી ગયો. જયારે તે ભાનમાં આવ્યો ત્યારે તે ખુદ બરફથી ઢંકાયેલો હતો. પગમાં ફ્રેકચર થવાથી તે ઊઠી શકે તેમ ન હતો. આમ છતાં હિંમત ન હારતાં તેણે કમરમાં બાંધેલી સિસોટી જોરથી વગાડી. સિસોટીનો અવાજ સાંભળતા જર્મન સૈનિકોએ તેને બંદી બનાવી દીધો. નિકોલસે જર્મન અધિકારીઓને આખો કિસ્સો વર્ણવ્યો. વિમાનનો કાટમાળ જોયા બાદ દુશ્મન સૈન્યના અધિકારીઓ પણ દંગ થઈ ગયા. થોડા દિવસોમાં યુદ્ધ પુરું થયું ત્યારે તમામ યુદ્ધ કેદીઓને છોડી મૂકવામાં આવ્યા . આમા નિકોલસ પણ છૂટીને ઈંગ્લેન્ડ પહોંચી ગયો.

સિનિયરોને સાચવી લેવાનું શાણપણ

તંત્રીસ્થાનેથી...

આખરે રાહુલ ગાંધીએ એમના પિતાશ્રીની પેઢીના વરિષ્ઠ અગ્રણીઓને રાજસ્થાન અને મધ્યપ્રદેશની સરકારનું સુકાન સોંપી પરિપક્વ રાજપુરુષને છાજે એવો નિર્ણય કર્યો છે. રાજીવ ગાંધીને એમના કસોટીકાળમાં પડછાયાની જેમ સાથ અને હૂંફ આપનારા નેતાઓમાં જે કેટલાક યુવાન નેતાઓનો સિંહફાળો હતો એમાં અહમદ પટેલ અને ગુલામ નબી આઝાદ ઉપરાંત રાજેશ પાયલોટ, માધવરાવ સિંધિયા, અશોક ગહલોત અને કમલનાથ તથા દિગ્વિજયસિંહનો સમાવેશ થાય છે. રાજસ્થામાં માળી સમાજમાંથી આવતા અને જાદુગર પિતાનો વારસો ધરાવતા અશોક ગહલોત અગાઉ પણ બે ટર્મ સુધી મુખ્યમંત્રી પદ સંભાળી ચૂક્યા છે. ગહલોત સૌમ્ય અને નીવડેલા લોકપ્રિય નેતા છે. અજાતશત્રુ જેવી મૂઠી ઊંચેરી ઈમેજ ધરાવતા અશોક ગહલોત છેલ્લાં વર્ષો દરમિયાન પાર્ટી માટે ટ્રબલશૂટરની ભૂમિકા ભજવતા રહ્યા છે. ગુજરાત કોંગ્રેસના સખળડખળ વાતાવરણને સરખું કરવા માટે રાહુલ ગાંધીએ પ્રભારી તરીકે એમની નિમણૂક કરી હતી જેનું પરિણામ પણ મળ્યું હતું. પાર્ટીને છેક સત્તાના નિશાનની લગોલગ પહોંચાડવાનો શ્રેય અશોક ગહલોતને મળ્યું હતું. કર્ણાટકની ચૂંટણીમાં પણ એમણે મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. અશોક ગહલોત આમ રાષ્ટ્રીય નેતા તરીકે ઊપસી આવ્યા હતા અને રાહુલ ગાંધીની નવી ઈમેજ ઊભી કરવામાં એમણે અગત્યની ભૂમિકા ભજવી છે. એમની સામે મુખ્યમંત્રીના દાવેદાર હતા તે રાજસ્થાનમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખની નમૂનેદાર કામગીરી બજાવનારા સચીન પાઈલટ યુવા નેતા છે, સ્વ. રાજેશ પાઈલટના સુપુત્ર છે, ગૂર્જર સમાજનું પ્રતિનિધિત્વ કરે છે અને આક્રમક ઝુઝારુ કોંગ્રેસી કાર્યકર્તા છે. બેઉનાં જૂથોને સાથે રાખી રાહુલ ગાંધીએ વચ્ચેનો રસ્તો કાઢી જબરું રાજકીય શાણપણ દાખવ્યું છે. અશોક ગહલોતને આટલી લાંબી અને ઉજ્જવળ કારકિર્દી પછી મુખ્યમંત્રી પદ ન મળે તો એમની બેઈજ્જતી થાય એમ હતી. બીજી તરફ સચીન પાઈલટે પાર્ટીને પાયામાંથી બેઠી કરવા લોહીનું પાણી કરી દીધું હોય અને યુવા મતદારોનાં મન જીતવાં હોય તો એમને પણ સાચવી લેવા પડે એમ હતા. મધ્યપ્રદેશની ચૂંટણીમાં સ્ટાર પ્રચારક રહેલા જયોતિરાદિત્ય સિંધિયા પણ કમલનાથની સામે મુખ્યમંત્રી પદના દાવેદાર હતા. રાહુલ ગાંધી માટે એમના હાથપગ જેવા આ યુવા નેતાઓ શિરોવેદના સમજી શકે એમ હતા. પરંતુ આખરે ઘીના ઠામમાં ઘી પડી ગયું. છતાં એમણે નેતાની અપીલ માની લીધી છે અને એમના લોકપ્રિય નેતાએ પણ મને-કમને નાયબ મુખ્યમંત્રી પદથી સંતોષ માની લીધો છે. મધ્યપ્રદેશમાં જયોતિરાદિત્ય સિંધિયા નાયબ મુખ્યમંત્રી બનવા તૈયાર ન થયા એથી એમને રાહુલ ગાંધીએ લોકસભાની ચૂંટણીમાં પોતાની સાથે રાખવાનું વચન આપી મનાવી લીધા છે. રાજકારણ આખરે તો પદ પ્રાપ્તિ માટેની લડાઈ જ બની રહે છે. એમાં કોઈ પાર્ટી અપવાદરૂપ નથી. ગત લોકસભાની ચૂંટણી પછી સુષમા સ્વરાજે પદ માટે કરેલ ઊહાપોહ કદાચ વીસરાઈ ગયો હોય પણ ગુજરાતમાં નાયબ નીતિન પટેલનો ઊહાપોહ તો સુવિદિત છે જ.

ચ્યવનપ્રાશ રોજ લેવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

ગયા અંકમાં શિયાળામાંશું ખાવું જોઈએ એની થોડી ચર્ચા કરી. આમ તો કહેવાય છે કે શિયાળામાં ભૂખ પણ વધારે લાગે અને લોક પોતાની મનગમતી વાનગીઓ સારા પ્રમાણમાં ખાય છે. બે પ્રકાર માણસો સામાન્ય રીતે સમાજમાં હોય છે. એક એ પ્રકારના હોય છે જે વિચારી વિચારીને પોતાના શરીર માટે ખોરાક શરીરમાં નાખતા હોય છે. શરીરને ન ઉપયોગી હોય એવા ખોરાક શરીરમાં ના જાય તેની ખાસ કાળજી રાખતા હોય છે. અને એ જરૂરી પણ છે. કયો ખોરાક ખાવાથી શરીરમાં કેટલી શક્તિ શરીરમાં ઊભી થવાની છે એ પ્રમાણમાં જોખી જોખીને ખાતા હોય છે. અને એ લોકો શરીરની તંદુરસ્તી સારી જાળવી રાખતા હોય છે.

જયારે બીજી તરફ એવા લોકોનો સમુહ છે. જે લોકો પોતાના આનંદ માટે શરીરમાં ખોરાક નાખતા હોય છે. એ લોકોને શરીરમાં કેટલી કેલેરી મળશે અથવા તો શરીરને કેટલો ફાયદો થશે એ વિચારતા નથી. ફક્ત એ ખોરાક ખાવાથી આનંદ થવો જોઈએ એ એમની રીતે કદાચ સાચા હશે. સામાન્ય રીતે દુનિયામાં દરેક વિચારશ્રેણી વાળા માણસો મળતા હોય છે. દરેક પોતપોતાની રીતે આનંદ કરવામાં માણતા હોય છે. આમ તો કોઈ પણ રીતે આનંદમાં રહેતા માણસો વધારે સુખી હોય છે. ભગવાનની મરજી હશે તેમ થશે.

આજે આનંદ ભોગવી લો કાલની કોની ખબર છે. દરેક દિવસને એક છેલ્લો દિવસ માનીને જીવતા હોય છે. જયારે બીજી બાજુવાળા બધુ જ પોતાના નિયંત્રણમાં રાખીને જોખી જોખીને બધી જ પ્રવૃત્તિઓ કરતા હોય છે. અને ખાવાની બાબતમાં એવું જ એટલે પોતાની મરજીથી કાંઈ ન પણ સાયન્સિફીક અથવા તો પુસ્તકોમાં જે પ્રમાણે નોલેજ આપ્યું હોય એ પ્રમાણે જ ખાવા-પીવાનું અને જીવવાનું આ લોકોને વર્ષોવર્ષ સુધી તંદુરસ્ત રહેવું હોય છે. જયારે બીજીબાજુ વાળાને કાલની પણ ચિંતા હોતી નથી. એ હરહંમેશ આનંદમાં જ જીવતા હોય છે ત્યારે પ્રશ્ન એ થાય કે સાચું શું? કોનું સાચું? અને કોનું ખોટું : આપણે કઈ રીતે જીવવું જોઈએ.

આમ તો તમે કોઈ પણ મનુષ્યને બદલી શકતા નથી એનામાં થોડા ફેરફાર કરાવી શકો. પોતપોતાની રીતે લોકો જીવતા હોય છે અને બંને રીત સાચી હોય છે.

આપણને જે અનુકૂળ આવે એ પ્રમાણે જીવવું જોઈએ. અહીંયા સવાલ એ છે કે દરેક ઋતુના અમુક ચોક્કસ પ્રકારના ખોરાક હોય છે. ઉનાળો, શિયાળો અને ચોમાસું. અત્યારે આપડે વાત કરીશું શિયાળાની ગયા રવિવારે શિયાળાના ખોરાક પર થોડી ચર્ચા કરી. શિયાળામાં ઠંડીને લીધે શરીરને વધારે પ્રમાણમાં કામ કરવું પડે છે એટલે કે બધા અવયવોને સુરક્ષિત રાખવા માટે વધારે કેલેરીવાળા ખોરાક ખાવા જોઈએ જેમાં આપણે રોટલો, ગોળ, ઘી, હળદર, આદુનો રસ, આમળાનો રસ, ગાજર, ગુંદરનો લાડુ વગેરે વિશે સારી એવી ચર્ચા કરી. એવી જ રીતે અગત્યની વસ્તુ છે. શિયાળા માટે ચ્યવનપ્રાશ. ચ્યવનપ્રાશ વિશે કશું જ કહેવાનું અથવા તો લખવાનું ના હોય. દરેકને ખબર જ છે. શિયાળામાં ચ્યવનપ્રાશનું સેવન ખૂબ સારું. આમ તો બારેમાસ ચ્યવનપ્રાશ મળતો હોય છે. પણ શિયાળામાં વધારે પ્રમાણમાં લોકો ચ્યવનપ્રાશ, અળદીયા પાક, કચરીયું વધારે પ્રમાણમાં લેતા હોય છે. અને એનાથી શરીરને ફાયદો થાય જ છે પણ અત્યારે આપણે ચ્યવનપ્રાશની ચર્ચા કરીએ. ચ્યવનપ્રાશમાં એવું શું હોય છે. જેનાથી શરીરને ફાયદો થાય છે. પહેલા તો પ્રશ્ન એ થાય કે શું ચ્યવનપ્રાશ ખાવું જોઈએ? અને ચ્યવનપ્રાશથી ખરેખર ફાયદો થાય છે? તો જવાબ આપવો પડે કે હા. ચ્યવનપ્રાસ ખાવો જોઈએ એન એનાથી શિયાળામાં શરીરને ફાયદો થાય છે કેમ? ફાયદો થાય છે. કારણ કે ચ્યવનપ્રાશમાં સુગર ખાંડ એટલે કે ખાંડ એટલે કે ખાંડ આયુર્વેદિક તત્વો ખાસ કરીને આબળાનો ભુક્કો, સિલ્વર ધાતુ વધારે પ્રમાણમાં હોય છે. આ બધાને ભેગા કરી એક સ્પેશિયલ ટ્રીટમેન્ટ આપી ચ્યવનપ્રાશ બનાવવામાં આવે છે.

હવે બીજો પ્રશ્ન થાય કે ચ્યવનપ્રાશ કયા સમયે લેવું જોઈએ. તો ચ્યવનપ્રાશ ખાસ કરીને સવારે નાસ્તાના ૨૦ મિનિટ પહેલા લેવો જોઈએ. ચ્યવનપ્રાશ શેની સાથે લઈ શકાય? તો ચ્યવનપ્રાશ પાણી અથવા તો નવશેકા દૂધ સાથે લઈ શકાય કે એટલે કે ખાલી પેટે ચ્યવનપ્રાશ લેવાથી ફાયદો થાય છે. તો શું ચ્યવનપ્રાશ રાત્રે ન લઈ શકાય? ચ્યવનપ્રાશ જો રાત્રે લેવો હોય તો જમ્યા પછી લેવો પડે કારણ કે ચ્યવનપ્રાશમાં જે આયુર્વેદિક પદાર્થો નાખેલા હોય છે તેનાથી એસીડીટી થવાના અથવા તો પેટ ભારે થઈ જવાના અથવા ઊલ્ટી થવાના ચાન્સિસ રહેલા છે.

આટલી બધી ચર્ચા કરીએ છીએ તો આપણા મનમાં સીધો સવાલ થાય કે ચ્યવનપ્રાશથી ફાયદા શું થાય છે. પહેલો ફાયદો શરીરમાં રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. જો ચ્યવનપ્રાશ દરરોજ લેવામાં આવે તો રોગ પ્રતિકારક શક્તિમાં ચોક્કસ વધારો થાય છે. રોગપ્રતિકારક શક્તિ એટલે શું? એવું આપણા મનમાં થાય ત્યારે જવાબ આપણે એ રીતે આપીયે કે સમજીએ શરીરની બહાર વાતાવરણમાં ખાવાપીવામાં દરેક જગ્યાએ બેકટેરિયા, વાઈરસ અને જુદાં જુદાં ટોક્સિન રહેલા છે જે શરીરને બિમાર કરી શક છે. અથવા તો નાના-મોટા દર્દમાં ખેંચી જાય છે જે પાછળથી જીવલેણ પણ સાબિત થઈ શકે છે. જો ચ્યવનપ્રાશ રોજ લેવામાં આવે તો રોગપ્રતિકારક શક્તિ વધે છે. ખાસ કરીને ઉધરસ, શરદી, અસ્થમા વાળા દર્દીઓએ ચ્યવનપ્રાશ

અનુસંધાન પાના નં ૭ પર

શક્તિ, સૌન્દર્ય અને પીડાનું પ્રાગટ્ય : મામોની રાયસમ ગોસ્વામી

મોરપીંછના રંગ
ડૉ. કનૈયાલાલ ભટ્ટ

" આ છોકરી અશુભ છે " એના કટકા કરી એને બ્રહ્મપુત્ર નદમાં ફેંકી દો " એવું ભાવિ કથન જેના માટે થયું હોય એ નાની છોકરી પ્રેમ, પરિશ્રમ અને પુરુષાર્થથી મોટી થઈને છેક ભારતીય સાહિત્યના સર્વોચ્ચ પુરસ્કાર " જ્ઞાનપીઠ " સુધી પહોંચે અને પોતાના સાહિત્યથી વિશ્વ આખાને પ્રભાવિત કરે.... એવી ઘટના બને ત્યારે થાય છે કે પ્રેમ અને પુરુષાર્થથી વિધિના લખ્યાં લેખ પણ ભૂંસી શકાય છે.

અસમ પ્રદેશ પૌરાણિક સમયમાં 'કામરૂપ' ના નામે ઓળખાતો હતો એ વખતે (અને આજે પણ) તંત્ર, મંત્ર અને 'કામ' નો પ્રભાવ વિશેષ રૂપે જોવા મળે છે. આવા ઐતિહાસિક પ્રદેશ આસામના ગુવહાટી શહેરમાં તારીખ ૧૪ – નવેમ્બર – ૧૯૪૩ ના રોજ એક બ્રાહમણ પરિવારમાં પુત્રી જન્મે છે અને નામ પડે છે ' મામોની ' આખું બાળપણ મેઘાલયના શિલોંગમાં પસાર કરનાર અને આખાય પરિવારની આ લાડકી પુત્રી ભલે જ્યોતિષી દ્વારા 'અશુભ' ભાવિ લઈને આવી હોય પરંતુ કોણ જાણતું હતું કે આ જ 'મામોની' મોટી થઈને ' રામાયણ ' જેવા ગહન ધર્મગ્રંથ ઉપર સંશોધન કરી 'પીએચ.ડી' ની પદવી પ્રાપ્ત કરશે? દિલ્હી વિશ્વ વિદ્યાલયમાં ભારતીય ભાષાઓના વિભાગમાં અધ્યાપિકા બનશે? અને સાહિત્ય અકાદમી - દિલ્હી પારિતોષિક સહિત ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર અને પદ્મશ્રી પણ મેળવશે.. ? કે આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતિ મેળવશે?

ડૉ. ઈન્દિરા ગોસ્વામી (મામોની રાયસમ ગોસ્વામી) એ ૧૪/૧૫ વર્ષની ઉમરે પ્રથમ વાર્તા 'મારો હાથી' (ધ એલિફન્ટ) લખી ત્યારથી વર્ષ ૨૦૧૦ ના અંત તેમણે એકાદ ડઝનથી વધુ નવલકથાઓ અને એકાદ હજારથી વધુ વાર્તાઓનું સર્જન કર્યું ત્યા સુધી તેમની કલમ અવિરત ચાલી છે. અનેક વાર્તાઓ, નવલકથાઓ દ્વારા તેમણે અસમિયા સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિને જગત સામે મૂકી છે.

'દક્ષિણ કામરૂપ કી ગાથા' એમની સાહિત્ય અકાદમી - દિલ્હી એવોર્ડ વિજેતા નવલકથા છે જેના ઉપરથી ટી. વી. સિરીયલ અને ફિલ્મ પણ બની છે આ નવલકથાનો ગુજરાતી અનુવાદ મારા દ્વારા ટૂંક સમયમાં આવી રહ્યો છે. તો વળી 'છિન્નમસ્તા' નવલકથા ખુબ જ ચર્ચાસ્પદ બની છે જેમાં આસામમાં ગુવહાટી સ્થિત 'મા કામાખ્યા' શક્તિપીઠ વિશ્વ વિખ્યાત છે. જ્યાં આજે પણ બલિપ્રથા અસ્તિત્વમાં છે. 'છિન્નમસ્તા' પ્રગટ થવાથી કામાખ્યા પીઠના પંડિતોએ ડૉ. ઈન્દિરાજી પર શક્તિપીઠમાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુક્યો હતો. આ અસમિયા નવલકથાનો હિન્દી અનુવાદ જ્ઞાનપીઠ દ્વારા થયો છે અને ગુજરાતી અનુવાદ મારા દ્વારા થયો છે આ નવલકથાનું નાટ્યરૂપાંતર પણ મેં કરી એનું મંચન ૩૨ કલાકારો દ્વારા ભવ્ય રીતે કરાવ્યું છે આ નાટકના શૉ ગુજરાતના શહેરો ઉપરાંત મુંબઈ ખાતે પણ થયા છે.

ડૉ. ઈન્દિરા ગોસ્વામી એક પ્રભાવશાળી વ્યકિતત્વ હતું જેમણે લગ્નના દોઢ જ વર્ષમાં એક અકસ્માતમાં પતિ ગુમાવી વિધવા બનીને જિંદગીની ધગધગતી અગનજ્વાળાઓને એકલા હાથે શાંત કરી સમગ્ર આયખું સદ્કાર્ય, સદભાવ અને સમાજ સેવા તથા સાહિત્ય સર્જનમાં સમર્પિત કરી નારી જાતિનું ગૌરવ વધાર્યું છે

એક સ્ત્રી થઈને આસામના ઉલ્ફા સંગઠનો અને ભારત સરકાર વચ્ચે એક સંવેદનશીલ સેતુ બનીને સમાધાનના વિકલ્પો તેમણે એ સમયે ખોલી આપ્યા હતા. મૃત્યુ અગાઉ અંતિમ ઈચ્છા રૂપે રૂપિયા ૬૦ લાખથી વધુ રૂપિયાનું દાન ગરીબો માટે હોસ્પિટલ બનાવવા આપીને તેમણે પોતાની જન્મભૂમિનું ઋણ અદા કર્યુ છે.

તેમના સાહિત્યિક પ્રદાનની નોંધ વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં લેવાઈ છે. ભારતની તેમજ વિશ્વની ઘણી-બધી ભાષાઓમાં તેમની કૃતિઓના અનુવાદો થયા છે. તેઓએ પોતાની નવલકથાઓનું સર્જન પણ સંશોધનાત્મક રીતે, ઐતિહાસિક મૂલ્ય તથા તથ્યોને આધારે કર્યુ છે. તેમની કથાઓનું પાત્રોનું અને સમયગાળાનું સત્ય ઐતિહાસિક મહત્વ ધરાવે છે દેશ વિદેશની અનેક સંસ્થાઓ દ્વારા સન્માનિત થનાર, પારિતોષિકો મેળવનાર ડૉ. ઈન્દિરાજીએ છેલ્લા એકાદ વર્ષથી મૃત્યુને હોસ્પિટલને દરવાજે ઉભું રાખ્યું હતું. અને અંતે તારીખ ૨૯/નવેમ્બર/૨૦૧૧ ની મંગલ સવારે ૭.૪૫ કલાકે મૃત્યુદેવના ખોળામાં પોતાના પાર્થિવ દેહને સમર્પિત કરી દીધો હતો. ડૉ. ઈન્દિરાજી સાથે મારો આત્મીય નાતો છેલ્લા દસેક વર્ષથી હતો. તેઓને મારા પ્રત્યે અપાર સ્નેહ અને વિશેષ ભાવ હતો, તેમના સ્નેહાળ અને સંવેદનશીલ સ્વભાવનો પરિચય મને ઘણી વખત થયો હતો. તેમની સાથે સોમનાથ, જૂનાગઢ, રાજકોટ, અમદાવાદ ફર્યાના સંસ્મરણો આજે પણ એટલા જ તાજા છે. તેમના દિલ્હી – વિશ્વ વિદ્યાલયના નિવાસ સ્થાને સાથે બેસીને કરેલું ભોજન અને એમના જીવનના વાગોળેલા સંસ્મરણો, પૂજ્યશ્રી મોરારિબાપુ દ્વારા યોજાતા સંસ્કૃત સત્ર – ૭ (પ્રાદેશિક રામાયણ) માં સતત ત્રણ દિવસ સાથે રહીને કરેલી વાતો, સાહિત્યિક ચર્ચાઓ, ગુવહાટીમાં એમના ભવ્ય એવોર્ડો, સન્માનપત્રો અને પુસ્તકોથી ભરેલા મ્યુઝિયમ જેવા અદભુત નિવાસ સ્થાનમાં તેમણે એમના હાથે અસમિયા સંસ્કૃતિના પ્રતીક સમા " જાપી " અને " સોરાઈ " થી કરેલું મારું સન્માન અને એ વખતે એમની નવલકથા પરથી મે કરેલ અને ભજવેલ નાટ્યરૂપાંતર " મા છિન્નમસ્તા " ના બધા જ કલાકારો સાથેના વિશાળ ફોટાની મે આપેલ પ્રતીક ભેટ, એ બધી ક્ષણોને વાતચીત દ્વારા તથા કેમેરામાં યાદગાર બનાવ્યાના સુખદ સંસ્મરણો આજે પણ હજીયે એટલા જ જીવંત લાગે છે.

તો વળી સોમનાથનો એ દરિયા કિનારો, પાણીની લહેરો, ઠંડી હવા, હવામાં ઉડતા તેમના ખુલ્લા વાળ...કપાળમાં સંધ્યાના સૂર્ય જેવો મોટો ગોળ લાલ ચાંદલો. ચહેરા ઉપર ભાષા અને સંસ્કૃતિનું તેજ, કાળા કાજળથી ઘેરાયેલી અને ઘુંટાયેલી ઊંડી ગૂફા જેવી એમની બન્ને આંખો, હોઠ પર ફરકતું સ્મિત, લાલ કેસરી રંગની બુટ્ટાદાર ભારે સિલ્કની સાડી... આવા દૈવીત્વથી ભરેલા વ્યકિતત્વની ખોટ આજે માત્ર એમના પરિવાર કે સાહિત્ય જગતને જ નહી પણ સમગ્ર પ્રકૃતિને પડી છે. કેમ કે આવા વ્યકિતત્વ સદીઓમાં માંડ માંડ એકાદ બે જન્મતા હોય છે.

આમ જન્મતાની સાથે 'અશુભ' છોકરીનો અભિશાપ લઈને છેક ભારતીય જ્ઞાનપીઠ સુધી પહોંચનાર ડૉ. ઈન્દિરા ગોસ્વામી આજે આપણી વચ્ચે નથી પરંતુ એમના ઘરનો બેઠકખંડ, દિવાલો પર લટકતી મોટી મોટી તસવીરો, મોનાલિસાનું આકર્ષક ચિત્ર, સન્માનપત્રો, એવોર્ડો અને ભેટ સોગાદો તથા પુસ્તકોની વચ્ચે એમનો ચહેરો હસતો ને હસતો... પરંતુ એમની બન્ને કાળી ભમ્મર આંખોમાં મને આજે પણ દેખાયા કરે છે વેદનાના ઊંડા મહાસાગર, બ્રહ્મપુત્રનું ખાલી ખખડતું એકાંત અને એમના ખુલ્લા વાળ જાણે કે તૂટેલી વેદનાની કાળાશ બનીને એમની આસપાસ ઊડ્યા કરે છે. અને ચહેરા પર એ જ છલકતી વીસ પચ્ચીસ વર્ષની તાજગી, જેમનું સર્જન કરીને ઈશ્વર પણ ગૌરવ અનુભવે એવી શક્તિ, સૌન્દર્ય અને પીડાથી ભરપુર ડૉ. ઈન્દિરા ગોસ્વામી આજે આપણી વચ્ચે ભલે હયાત નથી પણ એમના શબ્દદેહની સુવાસથી આકાશમાં લાલિમા છવાઈ જશે અને સમગ્ર પ્રકૃતિનું સંવેદનતંત્ર પણ ધબકતું થઈ જશે. - 9426060601.india@gmail.com

સત્તાનો સેમી-ફાઈનલ : સમજદાર કો ઈશારા કાફી...!

રજળપાટ
અજય ઉપાધ્યાય

'કાહે કી શાનદાર જીત ... શાનદાર તો તબ કહેતે જબ વન સાઈડેડ વિકટરી હોતી કોંગ્રેસ કી ... ઈસમેં તો ક્યાં હૈ કી અભી કે મામુ દિખાઈ નહિ દે રહે થે તો પુરાને મામુ કો વાપસ લે આયે '....પાંચ રાજ્યોના ભાજપ માટે આંચકાજનક અને કોંગ્રેસ માટે આશ્ચર્યજનક પરિણામો ચાલુ હતા ત્યારે એક ટીવી ડીબેટમાં ઓવૈસી આવું કહી રહ્યા હતા ..! એમ.પી. અને રાજસ્થાનમાં ભાજપે આપેલી કરારી ટક્કરે ઓવેસીની વાતમાં દમ છે એ માનવું જ પડે પણ ભાજપની કરારી હાર માટે આ કોઈ એક્સક્યુઝ છે જ નહી ....બિલકુલ નહિ ...! પાંચ રાજ્યોના ચૂંટણી પરિણામોએ 'કોંગ્રેસ મુક્ત ભારત 'ના સપના જોનાર ભાજપ અને એના હારેલા નેતાઓથી લઈને ખુદ વડાપ્રધાન સહીત સૌએ 'પ્રજાના ચુકાદાને નતમસ્તક સ્વીકારીએ છીએ' એવું કહેવા સિવાય બીજો કોઈ આરો બચવા જ નથી દીધો . પંદર પંદર વર્ષો જૂની સરકારો એક જ ઝાટકે કડડભૂસ , યસ છતીસગઢને બાદ કરતા એમ.પી. અને રાજસ્થાનમાં ધાર્યા કરતા દેખાવ સારો રહ્યો પણ અંતે તો હાર એ હાર જ કહેવાય ભાઈઈઈ !

હિન્દી બેલ્ટના ત્રણ મોટા અને મજબુત રાજ્યોમાં સત્તા મેળવીને ઓબ્વીય્સ્લી કોંગ્રેસ 'આજ ખુશ તો બહોત હોંગે' વાળા મુડમાં છે જ અને એ ખુશીની પાછળ મિઝોરમમાં કોંગ્રેસ હાર્યું અને તેલંગાનામાં એમનું ગઠબંધન પાછળ રહી ગયું એ વાત દબાઈ ગઈ છે જો કે કેન્દ્રમાં સરકાર બનાવવામાં આ બંને રાજ્યો કોઈ ખાસ કામના છે પણ નહિ, પણ કહેવાય છે ને કે 'જો જીતા વો સિકંદર' એટલે હિન્દી બેલ્ટના આ ત્રણ મહત્વના રાજ્યો કે જેણે મોદીને ૨૦૧૪મા વડાપ્રધાન બનવામાં ખુબ મદદ કરેલી એમાં પંજાનો સપાટો કોંગ્રેસ અને રાહુલ માટે શુકનના સવા રૂપિયાનું કામ કરશે અને એ પણ એવા સમયે કે જ્યારે લોકસભાની ચૂંટણી હવે કાઈ બહુ છેટી છે નહિ. રાહુલ માટે આ ત્રણ વિજયો એટલા માટે પણ મહત્વના છે કે સાવ તળિયે ગયેલી કોંગ્રેસની પ્રતિષ્ઠાને એક પક્ષ તરીકે આનાથી થોડો ફાયદો થશે અને એક પ્રમુખ તરીકે રાહુલનું વજન કોંગ્રેસમાં અને (જો થાય તો) ૨૦૧૯ ની ચૂંટણી પહેલાના 'મહા ગઠબંધન' માં વધશે ...!

શું કહી જાય છે આ પરિણામો ? શું આ છે ભાજપના અંતની શરૂઆત ? શું ૨૦૧૯મા મોદી મેજિક નહિ ચાલે ? શું એક તરફ ભાજપ અને એક તરફ બધા વિપક્ષો આવો સિનારિયો ૨૦૧૯મા જોવા મળશે ? શું અહંકાર અને અભિમાનમાં ઉડતા ભાજપી નેતાઓને આવા કરારા જવાબની જરૂર હતી ? શું કોંગ્રેસ એકલે હાથે ભાજપને ૨૦૧૯મા અટકાવી શકશે ? સવાલ બહોત હૈ ..! અને હોવા પણ જોઈએ જ કેમકે કેસરિયા રંગે રંગાવા જઈ રહેલા હિન્દુસ્તાનના નકશાનો રંગ બદલી નાખનાર આ પરિણામોએ મને ને તમને આવા સવાલો કરતા કરી જ દીધા છે એ હકીકત છે . ખેર એક વાત સમજી લો કે કોંગ્રેસને બગાસું ખાતા પતાસું હરગીઝ મો માં નથી જ આવ્યું અને સાથેસાથે એ વાત પણ સાચી જ છે કે કોંગ્રેસે એટલું હરખાવાની પણ જરૂર નથી કેમકે રાજસ્થાન અને એમ.પી. માં ભાજપે સારી ફાઈટ આપી છે એટલું જ નહિ પણ એમ.પી. માં તો ભાજપને કોંગ્રેસ કરતા મત પણ વધુ મળ્યા છે અને ચૂંટણી પછી જાહેર થયેલા આંકડાઓ મુજબ ભાજપ અને કોંગ્રેસના વોટશેરમાં કોઈ ખાસ મોટો ઉતાર ચડાવ જોવા મળ્યો છે જ નહિ . મતલબ કે નો ડાઉટ ભાજપ હાર્યા પછી પણ એમ નથી કહી શકે એમ કે વી આર ફીનીશ્ડ કે કોંગ